# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

**************************************************

**1)** રોજગારીને વેગ આપવા એક લાખ કરોડ રૂપિયાની રોજગાર-સંલગ્ન પ્રોત્સાહન યોજનાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી

**2)** દેશના રમતગમત ક્ષેત્રમાં પરિવર્તન લાવવા રાષ્ટ્રીય રમતગમત નીતિ 2025ને મંજૂરી આપવામાં આવી.

**3)** ભારત અને પાકિસ્તાને એકબીજાના કબજામાં રહેલા નાગરિકકેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાનપ્રદાન કર્યું

**4)** તમિલનાડુની ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટમાં આઠ લોકોના મોત-ત્રણ લોકો ઘાયલ

**5)** 29મી એશિયન યુથ ચેમ્પિયનશિપ્સમાં ભારતનાં દિવ્યાંશી ભૌમિકે સુવર્ણ ચંદ્રક જીત્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV UNION CABINET DECISIONS-1

કેન્દ્રીય મંત્રીમંડળે આજે દેશમાં રોજગારીને વેગ આપવા માટે અંદાજે એક લાખ કરોડ રૂપિયાની રોજગાર-સંલગ્ન પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય બે વર્ષના સમયગાળામાં દેશમાં 3 કરોડ 50 લાખથી વધુ નોકરીઓનું સર્જન કરવા માટે પ્રોત્સાહન આપવાનો છે. આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો વિશે માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે , આ યોજના હેઠળ પહેલી વાર નોકરી પર આવનારા કર્મચારીઓને એક મહિનાનો પગાર 15 હજાર રૂપિયા સુધી મળશે.

(બાઇટ: ASHWANI-VAISHNAVE-ELI)

શ્રી વૈષ્ણવે વધુમાં માહિતી આપી હતી કે કેન્દ્રીય મંત્રીમંડળે એક લાખ કરોડ રૂપિયાના ભંડોળ સાથે સંશોધન વિકાસ અને નવીનીકરણ યોજનાને પણ મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશના સંશોધન અને નવીનતા ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહન આપવા માટે લાંબા ગાળાના ધિરાણ અથવા પુનર્ધિરાણ પૂરું પાડવાનો છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનનું ગવર્નિંગ બોર્ડ , સંશોધન વિકાસ અને નવીનતા યોજનાને વ્યાપક વ્યૂહાત્મક દિશા પ્રદાન કરશે.

(બાઇટ: ASHWIN-VIASHNAV-ON-RESEARCH)

# REV UNION CABINET DECISIONS-2

શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું કે દેશના રમતગમત ક્ષેત્રમાં પરિવર્તન લાવવા અને નાગરિકોને રમતગમત પ્રવૃત્તિઓ દ્વારા સશક્ત બનાવવા માટે રાષ્ટ્રીય રમતગમત નીતિ 2025ને પણ મંજૂરી આપવામાં આવી છે. તેમણે કહ્યું કે , આ નીતિના અમલીકરણ સાથે, વિશ્વના ટોચના પાંચ રમતગમત રાષ્ટ્રો બનવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

(બાઇટ: ASHWINI-V---KHELO-BHARAT-NITI)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રીમંડળે તમિલનાડુમાં એક હજાર 853 કરોડ રૂપિયાના ખર્ચે ચાર માર્ગીય પરમાકુડી-રામનાથપુરમ સેક્શનના નિર્માણ માટે પણ મંજૂરી આપી છે. આ પરિયોજનાની કુલ લંબાઈ 46.7 કિલોમીટર હશે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH- CRIMINAL LAWS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ નામના ત્રણ નવા ફોજદારી કાયદાઓ આગામી દિવસોમાં ફોજદારી ન્યાય પ્રણાલીમાં પરિવર્તન લાવશે. આજે ત્રણ નવા ફોજદારી કાયદાઓના એક વર્ષ પૂર્ણ થવા પર એક કાર્યક્રમને સંબોધતા , શ્રી શાહે કહ્યું કે આ પ્રણાલીના સંપૂર્ણ અમલીકરણમાં મહત્તમ ત્રણ વર્ષનો સમય લાગશે.

(બાઇટ: અમિત શાહ - કેન્દ્રીય ગૃહમંત્રી)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# PM-ARTICLE SHARE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સૌર ઉર્જા વૈશ્વિક ઉર્જા પરિદૃશ્યને ફરીથી આકાર આપી રહી છે, જેમાં આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન વિશ્વભરમાં સ્વચ્છ ઉર્જા ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે. શ્રી મોદીએ નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશી દ્વારા એક સમાચાર દૈનિક માટે લખાયેલ લેખને એક સોશિયલ મિડીયામાં શેર કરતી વખતે આ વાત કહી હતી. શ્રી જોશીએ તેમના લેખમાં જણાવ્યું હતું કે ભારત 224 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા સુધી પહોંચ્યું છે , જેમાં 108 ગીગાવોટ ફક્ત સૌર ઉર્જાનું પ્રતિનિધિત્વ કરે છે.

પ્રધાનમંત્રીએ નાણામંત્રી નિર્મલા સીતારમણનો એક લેખ પણ શેર કર્યો હતો જેમાં લદ્દાખને તેના લાભ માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલા વધુ સારા જોડાણ અને વિપુલ સંસાધનો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . .

# INDIA-PAKISTAN PRISONERS

ભારત અને પાકિસ્તાને આજે એકબીજાના તાબામાં રહેલા નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીઓનું આદાન-પ્રદાન કર્યું. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર , ભારતે તેના તાબામાં રહેલા 382 નાગરિક કેદીઓ અને 81 માછીમારોના નામ જાહેર કર્યા છે. તેવી જ રીતે , પાકિસ્તાને પણ 53 નાગરિક કેદીઓ અને 193 માછીમારોના નામ જાહેર કર્યા છે. નવી દિલ્હીએ પાકિસ્તાનના તાબામાંથી ગુમ થયેલા નાગરિક કેદીઓ , માછીમારો અને તેમની બોટ સાથે ભારતીય સંરક્ષણ કર્મચારીઓને વહેલી તકે મુક્ત કરવા અને સ્વદેશ પરત મોકલવાની હાકલ કરી છે. ઇસ્લામાબાદને 159 ભારતીય માછીમારો અને નાગરિક કેદીઓની મુક્તિ અને સ્વદેશ પરત મોકલવાની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું છે.

. . . . . . . . . . . .

# TAMILNADU BLAST

તમિલનાડુના સત્તુર વિરુધુનગર જિલ્લામાં ફટાકડા ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં આઠ લોકોનાં મોત થયાં છે અને પાંચ લોકો ઘાયલ થયાં છે.

આ ફેક્ટરીમાં 20 ઓરડાઓમાં 50થી વધુ લોકો કામ કરે છે. વિસ્ફોટને કારણે પાંચ ઓરડાઓ નાશ પામ્યા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. અગ્નિશમન અને બચાવ સેવા વિભાગે કામદારોને કાટમાળમાંથી બચાવ્યા હતા.

. . . . . . . . . . .

# EVE TELANGANA DEATH TOLL

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના પશમીલારામ ખાતે ફાર્મા ઉદ્યોગમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 36 થયો છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ વિસ્ફોટ અંગેનો અહેવાલ માંગ્યો છે. શ્રી રેડ્ડીએ ફેક્ટરી વિસ્ફોટ સ્થળની પણ મુલાકાત લીધી હતી અને વરિષ્ઠ અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે મૃતકોના પરિવારજનોને એક કરોડ રૂપિયા અને ઘાયલોને દસ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

દરમિયાન, રાજ્ય સરકારે DNA પરીક્ષણ દ્વારા મૃતકોની ઓળખ કરવા માટે પગલાં લીધા છે. અત્યાર સુધીમાં ફક્ત 11 મૃતકોની ઓળખ થઈ છે.

. . . . . . . . . . . . .

# ASIAN CHAMPIONSHIP- GOLD

ટેબલ ટેનિસમાં , તાશ્કંતમાં રમાઇ રહેલી 29મી એશિયન યુથ ચેમ્પિયનશિપ્સમાં ભારતનાં દિવ્યાંશી ભૌમિકે 15 વર્ષથી નીચેનાં વયની મહિલા સિંગલ્સ સ્પર્ધાની ફાઇનલમાં ચીનનાં ઝ્હૂ કિહીને 4-2થી વિજય મેળવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. આ સાથે દિવ્યાંશીએ વર્લ્ડ યુથ ચેમ્પિયનશીપમાં સ્થાન સુનિશ્ચિત કર્યું છે. સ્પર્ધામાં ભારતને એક સુવર્ણ, એક ચંદ્રક અને બે કાંસ્યચંદ્રક મળ્યા છે.

. . . . . . . . . . . . . . .

# YOUNGEST MOUNTAINEER

પંજાબના છ વર્ષના બાળક તેગબીર સિંહે માઉન્ટ એલબ્રુ પર ચઢીને સૌથી નાની ઉંમરના પર્વતારોહકનો નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. આ રશિયા અને યુરોપનો સૌથી ઊંચો પર્વત છે જે 18 હજાર 510 ફૂટ ઊંચો છે. આ વિશ્વનું દસમું સૌથી પ્રખ્યાત શિખર પણ છે. તેગબીરે 20 જૂને તેના પિતા સુખિન્દરદીપ સિંહ સાથે ચઢાણ શરૂ કર્યું હતું અને 28 જૂને એલબ્રુસ શિખર પર પહોંચ્યો હતો. આકાશવાણી જલંધરના સંવાદદાતા સાથે વાત કરતા , તેગબીરે કહ્યું કે તેણે પર્વત પર ચઢવાનો નિર્ણય લીધો હતો અને તે સફળ રહ્યો. તેની માતા , એક સ્ત્રીરોગ નિષ્ણાત, ડૉ. મનપ્રીત કૌરે જણાવ્યું હતું કે તેના આહાર અને તેના ટ્રેનર બિક્રમજીતસિંહ ખુમાન દ્વારા તાલીમે આ સિદ્ધિમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

. . . . . . . . . . . . . .